ગાંધીનગર સમાચાર

સે-૨૪ ચાર રસ્તા પાસે જાહેર શૌચાલય જરૂરી

# શહેરમાં વધતા આત્મહત્યાના બનાવો

ગાંધીનગર, તા.૧

પાટનગરમાં આપઘાતના કિસ્સાઓમાં ચોંકાવનારો વધારો જોવા મળી રહ્યો છે. બેરોજગારી, મોંઘવારી, પ્રેમમાં નિષ્ફળતા, ઘર કંકાશ, સામાજીક કારણોને પગલે ચિંતા અને પરીક્ષામાં નીચું પરિણામ આપઘાતના મુખ્ય કારણો છે. દરરોજ એકાદ-બે આપઘાતના કિસ્સા ધ્યાને આવે છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે સ્થિત પાઠય પુસ્તક મંડળની કોલોનીમાં રહેતા ૨૪ વર્ષીય યુવાને ગઈ રાત્રે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાનના પિતાએ માતાને તલાક આપી દીધા હતા. ત્યારબાદ માતાએ બીજા લગ્ન કર્યા છે. કેટલાક સામાજીક કારણોસર યુવકે આપઘાત કર્યો હોવાની આશંકા છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરૂ કરી છે.

**વધુ એક આત્મહત્યા : સે-૨૪માં રહેતા યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત : સામાજીક કારણોને પગલે આપઘાત કર્યો હોવાની આશંકા**

મળતી માહિતી મુજબ સે-૨૪ પાઠય પુસ્તક મંડળની કોલોનીમાં રહેતા ૨૪ વર્ષીય ડ્રાઈવર યુવાન મહમ્મદ હનીફ હુસેન ભટ્ટી ઘણા દિવસોથી બેચેન રહેતો હતો. તેના પિતાએ માતાને તલાક આપી દીધા હતા. ત્યાર બાદ માતાએ નોકરીયાત હિન્દુ વ્યકિત સાથે લગ્ન કર્યા હતા. મહમ્મદને કદાચ આ પગલુ ગમ્યુ ન હતું. ગઈ રાત્રી દરમિયાન મહમ્મદે પોતાના ઘરે કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કારણ હજુ સ્પષ્ટ નથી પરંતુ માતાના આ પગલાને કારણે આપઘાત કર્યો હોવાની આશંકા છે. સે-૨૧ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી જમાદાર ઉદેસિંહે વધુ તપાસ આરંભી છે.

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૪ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર ૭.૩૨ કલાકનો રહેશે.

● ગાંધીનગરની સ્ટાર ડાન્સ એકેડેમી દ્વારા રાત્રે ૮.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'સાઉલ ફોર ડાન્સ'નો કાર્યક્રમ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭.૦૦થી ૮.૧૫ કલાક દરમિયાન સે-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર યોજાશે.

● 'સેટરડે નાઈટસ', સ્વર્ણિમ પાર્ક, ચ-૪ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે.

## વૈજનાથ મહાદેવ ખાતે આજે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૧

જયેષ્ઠ માસની શિવરાત્રી તા. ૨જી જુલાઈના રોજ છે. રૂદ્રાભિષેક મંડળનો લઘુરૂદ્ર અભિષેક શ્રી વૈજનાથ મહાદેવ સે-૨૧ ખાતે સ્વ. શ્રી કાન્તિલાલ છો. યાજ્ઞિકની સ્મૃતિમાં સવારે સાડા આઠ વાગે યોજાશે. મહાપ્રસાદનું પણ આયોજન કરેલ છે. જયેષ્ઠ માસની અમાવસ્યા તા. ૪થી જુલાઈના રોજ હોઈ રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે લઘુરૂદ્ર અભિષેક શ્રી ગાયત્રીપ્રસાદ આર. રાવલ પ્લોટ નં. ૫૨૩/૨, સેકટર-૫-બી ખાતે સવારે સાડા આઠ વાગે યોજેલ છે. જેમાં મહાપ્રસાદનું આયોજન ગોઠવવામાં આવેલ છે. જેથી સભ્યશ્રીઓને હાજર રહેવા મહામંત્રીશ્રી બી.ડી. શર્માએ જણાવેલ છે.

## રવિવારે રાજપુત મહિલા સંગઠનની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર રાજપુત મહિલા સંગઠન દ્વારા આગામી તા.૩જી જુલાઈના રવિવારના રોજ બપોરના ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન સેકટર-૧૨, રાજપુત સમાજ ભવન ખાતે હોદ્દેદારોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકનો મુખ્ય હેતુ સમાજની મહિલાઓનું સંગઠન મજબુત બને તથા સમાજના કુરિવાજો સામે લડત કરી સમાજની દિકરીઓને ન્યાય અપાવવા ચર્ચા વિચારણા કરવામાં આવશે. બેઠકમાં સમાજની દરેક બહેનોને હાજર રહેવા પ્રમુખ સરોજબા રહેવરે જણાવ્યું છે.

## વાતવાતમાં

● ટ્રાફિક પોલીસ પાસે છેલ્લા એક થી દોઢ વર્ષના આરટીઓના ડેટા સોફટવેરમાં અપડેટ ના હોવાથી જે વાહનોના આ સમયગાળા દરમિયાન રી-સેલના કારણે માલિક બદલાયા હોય તેમના ઈ-મેમો જૂના માલિકના સરનામે જ જાય છે. આ કારણે પોતાનું વાહન વેચી દીધું હોવા છતાં પોતાના નામે ઈ-મેમો મળતા આ જૂના માલિકો જેને વાહન વેચ્યુ હોય તેને શોધી મેમો પકડાવા દોડતા થઈ જાય છે.

● સમી સાંજે શહેરમાં એકાએક હવામાનમાં પલ્ટો આવ્યો હતો અને તેજ ગતિના વંટોળ સાથે ધૂળની ડમરીઓ હવામાં ઉડવા લાગી હતી. આ ધૂળની ડમરીઓના કારણે રોડ પરના વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા જેમાં ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને ફરજીયાત ઉભા રહી સલામત શરણું શોધવાનો વારો આવ્યો હતો.

● વંટોળના કારણે શહેરના મુખ્ય તથા આંતરિક માર્ગો પર ઘડીકમાં કચરો તરવરતો થઈ જવા પામ્યો હતો. જો ચોમાસા પહેલા જ શહેરમાં કચરાની આ હાલત હોય તો આટલા સ્વચ્છતા અભિયાન પછી પણ ચોમાસામાં ગંદકીની કેવી સ્થિતિ સર્જાશે તે તો વિચારવું જ રહ્યું.

● માહિતી ખાતાના અધિકારી મોતીલાલ પરમારના નિવૃત્તિ પ્રસંગે યોજાયેલ સમારંભમાં તેમના ત્રણેય દિકરાઓએ ભેગા મળીને તેમને કાર ભેટમાં આપી હતી. આ સમારંભમાં માહિતી ખાતાના અધિકારીઓ તથા અખબારોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જલારામ મંદિરે લોહાણા મહાપરિષદનું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૧

ગત માસની ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસે લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા રાજયમાં 'વૃક્ષો વાવો ધરતી બચાવો-૨૦૧૬' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત રાજયભરમાં વૃક્ષારોપણનું કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના સેકટર-૨૯માં જલારામ મંદિર ખાતે પણ લોહાણા મહાપરિષદ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જલારામ મંદિરના યજમાનપદે યોજાયેલ લોહાણા મહાપરિષદના વૃક્ષારોપણ કાર્યક્રમમાં જલારામ સતસંગ મંડળ ભાવનગર તથા જલારામ સેવા સમાજનો સહકાર સાંપડયો હતો. આ પ્રસંગે જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સોજાણી, મંત્રી સેવંતિભાઈ ઠકકર, જલારામ સત્સંગ મંડળ ભાવનગરના પ્રમુખ ડૉ. એન.ડી. સુચક, લોહાણા મહાપરિષદના પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ કિરીટભાઈ ભીમાણી, રાષ્ટ્રીય કારોબારી સભ્ય નિલેશભાઈ ઠકકર સહિત અનેક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નાના બાળકોએ પણ વૃક્ષારોપણ કરી સમાજમાં પર્યાવરણ જાગૃતિનો અનેરો સંદેશ ફેલાવ્યો હતો. પર્યાવરણ સમિતિના તમામ હોદ્દેદારોએ સમસ્ત સમાજને વધુને વધુ વૃક્ષો વાવી ધરતીને હરિયાળી બનાવવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે જલારામ મંદિરના સંકુલમાં જલારામ સત્સંગ મંડળે ભજનો દ્વારા ભકિતરસની જમાવટ કરી ઉપસ્થિત સૌ કોઈને રસતરબોળ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ દર્શનાર્થીઓને વૃક્ષના રોપાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.





# નાંદોલના ફાર્મ હાઉસમાં એલસીબીની ટીમનો દરોડો

**ફાર્મ હાઉસમાં સંતાડેલો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો : રૂ. ૨૯ હજારનો દારૂ-બિયર જપ્ત : ફાર્મ હાઉસનો માલિક ફરાર**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં પ્રોહીબીશન ડ્રાઈવ ચાલી રહી છે. જેને પગલે ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ વી.યુ.ગડરીયા તથા માણસોએ આજે ચોકકસ બાતમીના આધારે દહેગામ નજીક આવેલા નાંદોલ ગામમાં સ્થિત એક ફાર્મ હાઉસમાં દરોડો પાડી વિદેશી દારૂ થતા બિયરનો જથ્થો પકડી પાડયો છે.



નાંદોલના પ્રતાપસિંહ લક્ષ્મણસિંહ ચાવડાના ફાર્મ હાઉસમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની બાતમીને આધારે દરોડો પાડીને એલસીબી પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે ફાર્મ હાઉસમાં સર્ચ શરૂ કર્યું હતું. ફાર્મ હાઉસમાં પ્રતાપસિંહ હાજર ન હતાં. ખેતરમાં કામ કરતા પોતાના મજુર નિકુલભાઈ ઉર્ફે લાલો ગણપતભાઈ સોઢા હાજર હતો તેને સાથે રાખીને ફાર્મ હાઉસની ઓરડીમાંથી પ્રતાપસિંહે સંતાડેલો દારૂ-બિયરનો જથ્થો ટીમે પકડી પાડયો હતો. રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૨૫૮ નંગ બોટલ તથા ૩૪ નંગ બિયરના ટીન મળીને કુલ રૂ. ૨૯૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. દહેગામ પોલીસ મથકમાં ગુનો નોંધી ફરાર પ્રતાપસિંહ ચાવડાની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## રથયાત્રામાં નગરજનોને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા અપીલ

ગાંધીનગર, તા.૧

દર વર્ષની જેમ ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા આ વખતે પણ રથયાત્રાનું સ્વાગત સ્વચ્છતા અભિયાનથી કરવામાં આવશે. જગતનો તાત જયારે સામેથી આપણે આંગણે દર્શન આપવા પધારતો હોય ત્યારે આપણું આંગણું સ્વચ્છ રાખવાની સહુ નગરજનોની ફરજ છે. અમારી સંસ્થાના સભ્યો ઘ-૨ પાસે ભેગા થઈને રથયાત્રા પસાર થયા પછી રસ્તા ઉપર ફેલાયેલા કચરાને સ્વચ્છ કરશે અને આ સ્વચ્છતા યાત્રા ઘ-૨થી સે-૭ શોપીંગ સેન્ટર સુધી ચાલશે અને આ સંપૂર્ણ માર્ગ ચોકખો કરવામાં આવશે.

ભારત વિકાસ પરિષદ તમામ ભાવિક ભકતો, રથયાત્રામાં ભાગ લેતી તમામ મંડળીઓ, રસ્તામાં આવતા સેવા કેન્દ્રો તેમજ નગરજનોને નમ્ર અપીલ કરે છે કે રથયાત્રાને આપણા ઘરનો જ પ્રસંગ સમજીને આપણી આસપાસનો કચરો નજીકની કચરાપેટીમાં નાંખીને આપણા ગાંધીનગરને સ્વચ્છ અને હરિયાળુ ગાંધીનગર બનાવવાના અભિયાનમાં જોડાવા ચંદ્રકાન્ત રાવલે જણાવ્યું છે.



ઈઝી ફીટનેશ એરોબિકસ મહિલા ગ્રુપ આનંદનગર, સે-૨૭ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા મહિલા મંડળના સંયુકત આર્થિક સહયોગથી સ્કુલબેગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સેકટર-૨૭, ૨૮, પ્રેસ છાપરાની બે, ચરેડી છાપરાની બે આંગણવાડીઓના કુલ ૧૭૮ બાળકોને બેગોનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત મુકિતધામ સ્ટાફના ૧૨ બાળકોને પણ સ્કુલબેગોનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં મહિલા કોર્પોરેટર હર્ષાબા ધાંધલ અને દાતા નિલેન્દુભાઈ વોરા તથા એરોબીકસની બહેનો હાજર રહ્યા હતાં.





તાજેતરમાં જૈન સોશ્યલ ગૃપના ગુજરાત રીજીયન દ્વારા ૭૪૮ યુવક યુવતિઓનો પરિચય મેળો સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં ૬૨૦થી વધુ યુવક-યુવતિઓ પોતાના જીવનસાથીની પસંદગી માટે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના સફળ આયોજન માટે અરવિંદ શાહ, આર.ડી. ગાંધી, પારસ સંઘવી, નિતિકા શાહ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.





(તસવીર : કશ્યપ નિમાવત)

જયોતિ મહિલા મંડળ દ્વારા ગુરુવારે યુથ હોસ્ટેલ સે-૧૬ ખાતે 'અથાણા સ્પર્ધા' રાખવામાં આવી હતી. જેમાં નગરની ૪૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. આ સાથે મહાનગરપાલિકાના નવા ચૂંટાયેલા મહિલા કોર્પોરેટરોના સન્માનનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો અને જાણીતા ગાયનેક ડૉ. અમીબેન દ્વારા બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે સર્વેને સન્માનિત કરવામાં આવ્યા હતા. અથાણા સ્પર્ધામાં મીનાબેન શાહ, મંજુલાબેન ભટ્ટી, નીરાલી જોષી, ભાવનાબેન મોખા વિજેતા થયા હતા. જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી દ્વારા સર્વે કોર્પોરેટરોનું પુષ્પગુચ્છ અને ભુવનેશ્વરી પીઠ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ પ્રસંગે રિક્ષાચાલક રમીલાબેનનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ચેતના બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સે-૫ ઝાકરીયા મસ્જિદમાં હિન્દુ બિરાદરો દ્વારા ઈફતાર પાર્ટીનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર જિલ્લાના તમામ મુસ્લિમ બિરાદરોને પવિત્ર રમજાન મહિનાનો તેમજ ઈદુલફિત્રાના પવિત્ર તહેવાર નિમિત્તે ગાંધીનગરના સંગઠન શકિત સમાજે સૌને શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગર શહેર એસ.સી.એસ.ટી., ઓ.બી.સી. લઘુમતી એકતા સંગઠન શકિત દ્વારા ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝાકરીયા મસ્જિદ સે-૫, ખાતે તમામ મુસ્લિમ બિરાદરોને પવિત્ર રમઝાન તેમજ ઈદુલફિત્રાના તહેવાર નિમિત્તે આ સંસ્થા દ્વારા રોઝા છોડાવ્યા તેમજ સૌને શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના સભ્યો મગનભાઈ એમ. પરમાર, મુકેશભાઈ મારૂ, મોહનભાઈ, અનિલભાઈ ચાવડા, કિરીટ પરેરા, શાંતિલાલ પરમાર, વિકટરભાઈ, સાગરભાઈ, કેશરીસિંહ બિહોલા, ઈશ્વરભાઈ દેસાઈ, નારણભાઈ મકવાણા, સી.એમ. વર્મા, અશ્વિનભાઈ સુહાન, એસ.જે. ચારેલ, વિરચંદભાઈ પરમાર, નારણભાઈ પરમાર હાજર રહ્યા હતા.

## વી-કેર ફાઉન્ડેશનનું સેવા કાર્ય



ગાંધીનગરના વી-કેર ફાઉન્ડેશનના ટ્રસ્ટી એડવોકેટ હિતેશ રાવલ તથા તેમની ટીમે વોર્ડ નં.૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલની વિનંતીથી આદિવાડા અને ચરેડી છાપરામાં રહેતા ૫૦૦ જરૂરિયાતમંદ પરિવારના બાળકોને નોટબુકનું વિતરણ કર્યું હતું. આર્થિક રીતે અત્યંત નબળા વિદ્યાર્થીઓને આ સેવાકાર્ય થકી મોંઘવારીના સમયમાં પણ તેમના ભવિષ્યમાં શૈક્ષણિક ઉજાસ ફેલાવતા દિવડા પ્રગટે તે હેતુથી આયોજન કરવામાં આવ્યું હતું.

# સે-૨૪ ચાર રસ્તા પાસે જાહેર શૌચાલય જરૂરી

ગાંધીનગર, તા.૧

'જહાં સોચ વહા શૌચાલય' જેવી સરકારની મસ મોટી જાહેરાતો તેમજ ખુલ્લામાં શૌચ કરવું ગુનો બને છે જેવી બાબતો શૌચાલય જ ન હોય ત્યાં પોકળ બની રહી છે. ગુજરાતના વિકસિત પાટનગરના આંતરિક વિસ્તારોમાં શૌચાલયની સમસ્યા વિકરાળ બની છે. જેમાં સતત ધમધમતા સેકટર-૨૪ ચાર રસ્તા પાસે શૌચાલય બનાવવા નગરજનોએ માંગ કરી છે. ચોવીસ ચોકડીથી ટાટા ચોકડી અનેક નાના મોટા વ્યવસાયો આવેલા છે અને દૈનિક હજારો લોકોની અવરજવર રહે છે. જેઓને શૌચ ક્રિયા માટે ભારે આપદા સહન કરવી પડી રહી છે. જેથી આ ગંભીર સમસ્યાનો સર્વે કરાવી સત્વરે શૌચાલય ઉભું કરાય તે આવશ્યક બન્યું છે.

સેકટર-૨૪ ચાર રસ્તાથી ટાટા ચોકડી એટલે કે ક-૭ના બે કિલોમીટર જેવા ધમધમતા વિસ્તારમાં શૌચાલયની કોઈ જ સુવિધા ઉપલબ્ધ નથી. સેકટર-૨૪ ચાર રસ્તાએ તમામ પ્રકારના ધંધા-વ્યવસાય મોટા પાયે ફેલાયેલા છે તેમજ રાષ્ટ્રીયકૃત, સહકારી અને ખાનગી બેંકો પણ કાર્યરત છે. વધુમાં આ સ્થળ નજીક અનેક દવાખાના આવેલા છે. જયારે સરકારી કોલેજ સહિત અનેક શાળાઓ પણ આ માર્ગ ઉપર આવેલી છે. જેથી સતત લોકોની અવર જવર આ માર્ગ ઉપર રહેતી હોય છે. જેમાં લઘુશંકા જેવી કુદરતી પ્રક્રિયાના નિકાલ માટે કોઈ જ સુવિધા ઉપલબ્ધ આ વિસ્તારમાં નથી અને જે કારણે વૃધ્ધો, મહિલાઓ અને બાળકો ભારે મુશ્કેલીમાં મુકાઈ જાય છે. ઘણીવાર આ કુદરતી પ્રક્રિયા ના છુટકે કરવાના સંજોગોમાં ફુટપાથની આજુબાજુ સ્થળ પસંદ કરી લેવાની નોબત આવે છે.

**ચોવીસ ચોકડીથી ટાટા ચોકડી વચ્ચે ધમધમતા ધંધા, વ્યવસાય, દવાખાના, કચેરીઓ અને શાળા કોલેજ માટે જાહેર શૌચાલય જ નથી, ભારે આપદા સહન કરતા નગરજનોની ઉચિત માંગ**

પાટનગરના અંતરિયાળ વિસ્તારો જાહેર શૌચાલયના અભાવે ગંદકીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. સરકારની હાલ પ્રાથમિકતા શૌચાલયો ઉભા કરવામાં રહી છે ત્યારે ગાંધીનગર શહેરનો કુદકે ને ભુસકે વધતો વિકાસ અને વિસ્તાર અમુક અંતરે શૌચાલયની આવશ્યકતા ઝંખી રહ્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તથા રાજય સરકાર નગરમાં આ અંગે એક સર્વે કરાવી શૌચાલયની આ ગંભીર સમસ્યા હલ કરે તે નગરજનો ઈચ્છી રહ્યા છે.

## સે-૨૩ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાશે

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર સેકટર-૨૩ દ્વારા આગામી તા. ૬ઠ્ઠી જુલાઈને અષાઢી બીજના રોજ ગાંધીનગર શહેરમાં પરંપરાગત રીતે નીકળતી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું સે-૨૩, કડી સ્કુલ પાસેના શોપીંગ સેન્ટર પાસે ભવ્ય સ્વાગત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સે-૨૩ સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ ઉપસ્થિત રહીને સ્વાગત કરશે અને જય રણછોડ માખણચોરના નારા સાથે રથયાત્રામાં જોડાયેલ દરેકને ઠંડી મસાલા છાશના પાઉચનું વિતરણ પણ કરવામાં આવશે. સે-૨૩ બ્રહ્મ સમાજના પરીવારના સભ્યોને અને વસાહતના લોકોને મોટી સંખ્યામાં હાજર રહીને ભવ્યરથના દર્શન કરવા સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ શુકલ દ્વારા અનુરોધ કરાયો છે.

## ચિરવિદાય

- સ્વ. ભાવનાબેન કનૈયાલાલ શાહ, ઉ.વ. ૭૦
- સ્વ. મધુબેન મગનલાલ પટેલ, ઉ.વ. ૭૭